"સ્વચ્છ ભારત સપ્તાહ" ઉજવવા બાબત.

(તા. ૨૫/૦૯/૨૦૧૪ થી તા. ૨/૧૦/૨૦૧૪.)

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંક:નમલ/ ૧૦૨૦૧૪/જીઓઆઇ-૨૨૯(પાર્ટ-૧)/ધ

તા. ૧૬/૦૯/૨૦૧૪

<u>વંચાણે લીધો</u>: - (૧) ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયનો તા. ૩/૦૯/૨૦૧૪નો પત્ર

<u>પરિપત્ર</u>:

ભારત સરકારનું શહેરી વિકાસ મંત્રાલય દેશના શહેરી વિસ્તારોમાં "સંપૂર્ણ સ્વચ્છતા" નું ધ્યેય પ્રાપ્ત કરવા કટિબધ્ધ છે. આ હેતુ સિધ્ધ કરવા મોટા પાયે લોક જાગૃતિ લાવવાના આશયથી ભારત સરકારના ઉપર વંચાણે લીધેલ પત્રથી સમગ્ર દેશમાં તા. ૨૫/૦૯/૨૦૧૪થી તા. ૨/૧૦/૨૦૧૪ દરમિયાન "સ્વચ્છ ભારત સપ્તાહ" ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે અને આ બાબતનો શહેરી/ સ્થાનિક વિસ્તારોમાં અમલ કરવા માટે ભારત સરકારે ગાઇડ લાઇન બહાર પાડેલ છે. આ ગાઇડ લાઇન મુજબ રાજ્યના શહેરી વિસ્તારોમાં તા. ૨૫/૦૯/૨૦૧૪ થી તા. ૦૨/૧૦/૨૦૧૪ દરમિયાન "સ્વચ્છ ભારત સપ્તાહ" ઉજવવાનું નક્કી કરવામાં આવે છે. આ ઝુંબેશનો હેતુ સરકારી સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ (NGOs) અને વિવિધ સમુદાયોની સક્રિય ભાગીદારીથી સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવામાં આવે અને "સ્વચ્છ ભારત" ની વિભાવના ચરિતાર્થ થાય તે માટે વિવિધ કાર્યક્રમોનો અમલ કરવાનો છે.

આ સપ્તાહ દરમિયાન નીચે મુજબની પ્રવૃતિ/ કાર્યક્રમોનો અમલ કરવાનો રહેશે.

(૧) આ કાર્યક્રમનો અમલ બે તબક્કામાં કરવાનો રહેશે. પ્રથમ તબક્કામાં કોઇ પ્રકારની પ્રસિધ્ધિ વિના મૂળ કામ (Core Work) કરવાનુ રહેશે. જ્યારે બીજા તબક્કામાં જન જાગૃતિ માટે પ્રસિદ્ધિ અને ઝુંબેશ માટેની કાર્યવાહી કરવાની રહેશે.

(૨) આ કાર્યક્રમના અસરકારક અમલ માટે શેરી નાટકો, સ્થાનિક/વોર્ડ સ્તરે જાગરૂકતા કાર્યક્રમો (Awareness Programmes), પ્રચાર માધ્યમોથી ઝુંબેશ, કળા અને સાહિત્ય સ્પર્ધાઓ વગેરે રાજ્ય/ શહેરી સ્થાનિક સંસ્થાઓએ યોજવાની રહેશે. વધુમાં લોકોને સ્વચ્છતાના મહત્વ વિષે શિક્ષિત કરવા અને સ્વચ્છતાના અભાવે બિમારી, રોજગારીનું નુકશાન, દાકતરી સારવારનો ખર્ચ ભોગવવો પડે છે તેવી સમજ આપવી.

આ કાર્યક્રમના અસરકારક અમલ માટે જિલ્લા કક્ષાએ સમિતિની રચના કરવાની થાય છે. મહાનગરપાલિકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ વિભાગના તા. ૨૩/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: નમલ/ ૧૦૨૦૧૩/૩૫૨૧(પાર્ટ-૧)/ધ થી નક્કી કર્યા મુજબનાં મહાત્માગાંધી સ્વચ્છતા મિશન હેઠળના સબ-મિશન, સમિતિ તરીકેની કાર્યવાહી કરશે.

"સ્વચ્છ ભારત સપ્તાહ" દરમિયાન નીચે મુજબના દિવસોની ઉજવણી કરવી.

(૧) રસ્તા અને શેરી સ્વચ્છતા દિવસ.

(૨) શાળા અને કોલેજ સ્વચ્છતા દિવસ.

(૩) હોસ્પિટલ સ્વચ્છતા દિવસ.

(૪) શૌચાલય સ્વચ્છતા દિવસ.

(૫) સંસ્થા સ્વચ્છતા દિવસ.

(૬) હોટેલ/રેસ્ટોરેન્ટસ/ બેકરી/ અન્ય ખાણી પીણીની દુકાનો માટે સ્વચ્છતા દિવસ.

(૭) "સ્વચ્છતા અંગેની પ્રતિજ્ઞા" લેવાનો દિવસ.

ઉક્ત જિલ્લા કક્ષાની સમિતિએ આ ઝુંબેશને આગળ ધપાવવા તા. ૨૦ સપ્ટેમ્બર થી ૨૫ સપ્ટેમ્બર-૨૦૧૪ દરમિયાન નીચે મુજબના માધ્યમો ધ્વારા ઝુંબેશને બહોળી પ્રસિદ્ધિ આપવાની રહેશે.

(૧) પ્રિંટ અને ઇલેક્ટ્રોનિક મિડીયા.

(૨) સોસિયલ મિડીયા.

(૩) પેમ્ફલેટસ

(૪) મહાનુભાવો અને જાણીતી હસ્તીઓ દા.ત. મુખ્યમંત્રીશ્રી, સિને કલાકારો વગેરેના રેકોર્ડેડ અવાજ થી મોબાઇલ ફોન પર અપીલ.

(૫) એસ.એમ.એસ. ધ્વારા પ્રચાર

(૬) રેડિયો ધ્વારા પ્રસારણ.

(૭) શેરી નાટકો.

(૮) હોર્ડીગ્સ, પોસ્ટર્સ, સ્ટીકર્સ વગેરે.

(૯) શાળાઓમાં પ્રચાર ઝુંબેશ.

(૧૦) કાર્ટૂનના વિતરણ ધ્વારા લોકોમાં પ્રચાર.

(૧૧) અન્ય માધ્યમો ધ્વારા પ્રચાર.

આ ઝુંબેશ તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ સ્થાનિક સંસદસભ્યશ્રી/મેયરશ્રી/ જીલ્લા કલેક્ટરશ્રી કે અન્ય મહાનુભાવોના ધ્વારા વિધિવત શરૂ કરવાની રહેશે. સમગ્ર પ્રચાર ઝુંબેશ દરમિયાન લોકોનો સંપૂર્ણ સહકાર મેળવવનો રહેશે. શાળાઓ, કોલેજો, અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓને આ ઝુંબેશમાં સામેલ

કરવાના રહેશે. સ્થાનિક નાગરિક સંસ્થાઓ (Civil Society) ના સહકારથી "પ્રભાત ફેરી" અથવા " ટૂંકી દોડ" જેવા કાર્યક્રમો યોજવાના રહેશે.

સ્વચ્છ ભારત સપ્તાહ દરમ્યાન નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવાની રહેશે.:

૧. ઘરો/મકાનોમાં સ્વચ્છતા જાળવાય તે માટે લોકોમાં જાગૃતિ લાવવી.

૨. જાહેર સ્થળો/બજારોમાં સાઇન બોર્ડ દ્વારા સ્વચ્છતાનો સંદેશો રજૂ કરવો.

૩. સોસાયટી/મહોલ્લામાં "પ્રભાત ફેરી" ગોઠવવી.

૪. જાહેર/કોમ્યુનીટી શૌચાલયની સ્વચ્છતા, નિભાવ, રીપેરીંગ.

૫. બસ સ્ટેન્ડ, રસ્તા, શેરી, બગીચાઓ, બજારો, જાહેર સ્થળો, પગદંડી, બેક યાર્ડસ, ફ્રન્ટ યાર્ડસ, રેલ્વે સ્ટેશનની આજુબાજુનો વિસ્તારની સ્વચ્છતા.

૬. નદી, તળાવ પાસેના કચરાની સફાઇ.

૭. સરકારી બિલ્ડીંગો, દવાખાના, સ્કુલોમાં શૌચાલયની સફાઇ.

૮. જાહેર સ્થળોએ કાટમાળ(Debris) અને કચરાના ઢગલાનો નિકાલ.

૯. સરકારી બિલ્ડીંગોમાં સફાઇ, જેમાં કોરીડોરમાં પડેલ વધારાનાં ફર્નીચર, રેકર્ડસનો નિકાલ.

૧૦. કચરો વેસ્ટ કલેકશન સ્થળે નાખવો અને જયાં-ત્યાં ન થૂંકવા અંગે પ્રતિજ્ઞા લેવી.

૧૧. સ્કુલના બાળકોને શૈક્ષણિક સાધન સામગ્રીથી સ્વચ્છતાનું મહત્વ સમજાવવું.

૧૨. મહોલ્લા સભા ગોઠવવી જેમાં જાણીતી હસ્તી દ્વારા ઉદ્દબોધન કરાવવું.

તા. ૨૫/૯/૨૦૧૪ થી તા. ૨/૧૦/૨૦૧૪ સુધીમાં યોજેલ સ્વચ્છ ભારત સપ્તાહ દરમ્યાન લોકો, શાળાઓ, કોલેજોની ભાગીદારીથી કરેલ કાર્યક્રમોની વિગતવાર માહિતી તથા તેનાં પરિણામો/ફલશ્રુતિની વિગતવાર માહિતી મહાનગરપાલિકાઓએ અત્રે મોકલી આપવાની રહેશે તથા નગરપાલિકાઓની વિગતો મેળવીને સંકલિત કરી નિયામકશ્રી, નગરપાલિકાએ તા. ૧૦/૧૦/૧૪ સુધીમાં અત્રે મોકલી આપવાની રહેશે. આ માહિતી ભારત સરકારને મોકલવાની હોઇ અંગ્રેજીમાં તૈયાર કરી મોકલી આપવાની રહેશે. ઉપર જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા / સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા સર્વે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા જિલ્લા કલેકટરશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)

નાયબ સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (તબીબી સેવા અને તબીબી શિક્ષણ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પાણી પુરવઠા), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી અને કમિશ્નરશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જાહેર આરોગ્ય), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી કમિશ્નરશ્રી, બ્લોક નં. ૭/૨, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશકશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયાનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, બ્લોક નં-૫ / ૬ માળ, ઉધોગ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી ના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી (શ.વિ.) ના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (હાઉસિંગ) ના અંગત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ રાજકોટ.

- તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓ. (નિયામકશ્રી, નગરપાલિકાઓ મારફત)
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.